## પરિવહન ખર્ચ માટે સહાય

- જો તમે ઓછી આવક ધરાવો છો, તો તમે તમારી સારવાર માટે હોસ્પિટલ સુધી મુસાફરીના ખર્ચ માટે સહાય મેળવી શકો છો. તમે તમારા બસ, ટ્રેન અથવા ટેક્સી ભાડાના ખર્ચનું રિફન્ડ મેળવી શકો છો. અથવા તમે પેટ્રોલ માટે ચુકવણી કરવામાં મદદ માટે નાણાં મેળવી શકો છો. કૅન્સરથી પીડાતા લોકો મોટાભાગની હોસ્પિટલોમાં નિ:શુલ્ક પાર્કિંગ મેળવશે. વધુ માહિતી માટે હોસ્પિટલના કર્મચારીઓ સાથે વાત કરો.

- કેટલાક વૃદ્ધ લોકો અને અક્ષમતા ધરાવતાં લોકો માટે બસ, કોચ અને ટ્રેનની ટિકિટ માટે ખાસ દર હોય છે. વધુ માહિતી માટે **gov.uk** અથવા **nidirect.gov.uk** ની મુલાકાત લો

જો તમને હલન-ચલન કરવામાં સમસ્યાઓ હોય, તો તમે બ્લુ બેજ મેળવવા માટે સક્ષમ હોઇ શકો છો. આનો અર્થ એ છે કે તમારે જ્યાં જવાનું હોય તેની નજીકની પાર્કિંગની જગ્યાઓમાં તમે પાર્ક કરી શકો છો, જેમ કે હોસ્પિટલ અથવા સુપરમાર્કેટ. વધુ જાણવા માટે, **gov.uk** અથવા **nidirect.gov.uk** ની મુલાકાત લો

## પ્રિસ્ક્રિપ્શન અને અન્ય આરોગ્ય સંબંધી ખર્ચ માટે સહાય

- સ્કોટલેન્ડ, વેલ્સ અને નૉર્ધર્ન આયર્લૅન્ડમાં, દરેક માટે પ્રિસ્ક્રિપ્શન નિ:શુલ્ક છે. જો તમે ઇંગ્લૅંડમાં રહેતા હો, તો કૅન્સરથી પીડાતા લોકો માટે પ્રિસ્ક્રિપ્શન નિ:શુલ્ક છે. તમારે એક ફોર્મ ભરવાનું રહેશે, જે તમે તમારી GP સર્જરીમાંથી મેળવી શકો છો.

- વેલ્સ અને નૉર્ધર્ન આયર્લૅન્ડમાં, દરેક માટે વિગ અને કાપડની સહાય નિ:શુલ્ક છે. ઇંગ્લેન્ડ અને સ્કોટલેન્ડમાં, તે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ઓછી આવક ધરાવતા લોકો સહિત કેટલાક લોકો માટે નિ:શુલ્ક છે. વધુ માહિતી માટે તમારા કૅન્સર નર્સ અથવા ડૉક્ટર સાથે વાત કરો.

- NHS લો ઇનકમ સ્કીમ ઓછી આવક ધરાવતાં લોકોને આરોગ્ય ખર્ચ માટે સહાય કરે છે. આમાં ડેન્ટલ સારવાર, દૃષ્ટિ પરીક્ષણો અને સારવાર મેળવવા માટેની મુસાફરી માટે સહાયનો સમાવેશ થાય છે. તે NHS અથવા નૉર્ધર્ન આયર્લૅન્ડમાં હેલ્થ સર્વિસ દ્વારા ચલાવવામાં આવે છે.

# ગુજરાતી ભાષામાં વધુ માહિતી

અમારી પાસે ગુજરાતી ભાષામાં નીચેની બાબતો વિશે માહિતી ઉપલબ્ધ છે:

| **કૅન્સરના પ્રકારો** | **કૅન્સરનો સામનો કરવો** |
|---|---|
| • સ્તન કૅન્સર<br>• મોટા આંતરડાનું કૅન્સર<br>• ફેફસાનું કૅન્સર<br>• પ્રોસ્ટેટ કૅન્સર<br><br>**સારવારો**<br><br>• કિમોથેરેપી<br>• રેડિયોથેરેપી<br>• સર્જરી | • જો તમને કૅન્સર હોવાનું નિદાન કરવામાં આવ્યુ હોય – એક ત્વરિત માર્ગદર્શિકા<br>• બેનિફિટ્સની માંગણી કરવી<br>• ખાવાની સમસ્યા અને કૅન્સર<br>• જીવનનો અંત<br>• નાણાંકીય સહાય - બેનિફિટ્સ<br>• નાણાંકીય સહાય - ખર્ચ માટે સહાય<br>• સ્વાસ્થ્યપ્રદ આહાર લેવો<br>• થાક લાગવો (થકાવટ) અને કૅન્સર<br>• કૅન્સરની સારવારની આડઅસરો<br>• પોતાની મદદ કરવા માટે તમે શું કરી શકો છો |

આ માહિતી જોવા માટે **macmillan.org.uk/translations** પર જાઓ

**અમારી સાથે ગુજરાતીમાં વાત કરો**

તમે મૅકમિલન (Macmillan) ને **0808 808 00 00** પર નિ:શુલ્ક ફોન કરી શકો છો અને દુભાષિયાની મદદ વડે ગુજરાતી માં અમારી સાથે વાત કરી શકો છો. તમે તમારી ચિંતા અને તબીબી પ્રશ્નો વિશે અમારી સાથે વાત કરી શકો છો. જ્યારે તમે ફોન કરો ત્યારે ફક્ત અંગ્રેજીમાં 'ગુજરાતી' (કહો "ગુજરાતી").

અમે અઠવાડિયામાં 7 દિવસ, સવારે 8 વાગ્યા થી રાત્રે 8 વાગ્યા સુધી કાર્યરત છીએ.

## સંદર્ભ અને આભારદર્શન

આ માહિતી મૅકમિલન કૅન્સર સપોર્ટ (Macmillan Cancer Support) ની કૅન્સર માહિતી વિકાસ ટીમ (Cancer Information Development team) દ્વારા લખવામાં અને સંપાદિત કરવામાં આવી છે. એક ભાષાંતર કંપની દ્વારા તેનું ગુજરાતી માં ભાષાંતર કરવામાં આવ્યું છે.

આ માહિતી મૅકમિલન (Macmillan) પુસ્તિકા **હેલ્પ વિથ ધ કોસ્ટ ઓફ કૅન્સર**પર આધારિત છે. અમે તમને તેની નકલ મોકલી શકીએ છીએ, પરંતુ સંપૂર્ણ પુસ્તિકા તો ફક્ત અંગ્રેજીમાં જ ઉપલબ્ધ છે.

આ માહિતીની સમીક્ષા સંબંધિત નિષ્ણાંતો દ્વારા કરવામાં આવેલ છે અને નીલ સાઉથવીક (Neal Southwick), મૅકમિલન ફાઇનાન્શિયલ સપોર્ટ લીડ (Macmillan Financial Support Programme Lead) દ્વારા મંજૂર કરેલ છે.

આભાર: રોય બીસન (Roy Beeson), એડવાઈસ સર્વિસ મેનેજર (Advice Service Manager), ડિસેબિલિટી સલ્યૂશન્સ વેસ્ટ મિડલેન્ડ્સ (Disability Solutions West Midlands); જસ્ટિન બર્ટન (Justine Burton), મૅકમિલન વેલ્ફેર રાઇટ્સ ટીમ ટેક્નિકલ લીડ (Macmillan Welfare Rights Team Technical Lead); ડેનિસ ફોર્ડ (Denise Forde), મૅકમિલન વેલ્ફેર રાઇટ્સ એડવાઇઝર (Macmillan Welfare Rights Adviser), એન્થની માર્ટિન (Anthony Martin), મૅકમિલન બેનિફિટ સર્વિસ પાર્ટનરશિપ્સ મેનેજર (Macmillan Benefit Service Partnerships Manager); એન્ડ્રુ મોન્ટગોમરી (Andrew Montgomery), મૅકમિલન બેનિફિટ સર્વિસ પાર્ટનરશિપ્સ મેનેજર (Macmillan Benefit Service Partnerships Manager); કેથરીન ફિલિપ્સ (Kathryn Phillips,) મૅકમિલન વેલ્ફેર રાઇટ્સ ટેક્નિકલ લીડ (Macmillan Welfare Rights Technical Lead); અને ટીના સ્મિથ (Tina Smith), મૅકમિલન વેલ્ફેર બેનિફિટ્સ મેનેજર (Macmillan Welfare Benefits Manager), નેથ પોર્ટ ટાલ્બોટ કાઉન્સિલ (Neath Port Talbot Council)

કૅન્સરગ્રસ્ત લોકોનો પણ આભાર જેઓએ આ માહિતીની સમીક્ષા કરી છે.

અમારી તમામ માહિતી ઉપલબ્ધ શ્રેષ્ઠ પુરાવા પર આધારિત છે. અમે ઉપયોગ કરેલા સાહિત્ય વિશે વધુ માહિતી માટે કૃપા કરીને **bookletfeedback@macmillan.org.uk** પર અમારો સંપર્ક કરો.

MAC17423_Gujarati

